# CWG : શર્મિલા ધનકરે ભારતને અપાવ્યો પ્રથમ પેરા એથ્લેટીક્સ ગોલ્ડ

**ભારત** દ્વારા કરાયેલા સત્તાવાર વિરોધ અને રિવ્યૂ બાદ શિલ્પા શાયલાને બ્રોન્ઝ મેડલ મળ્યો

**પીએમ** નરેન્દ્ર મોદીએ શર્મિલાને અભિનંદન પાઠવ્યા



ગ્લાસગો, તા. 28 (પાટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં 40 વર્ષીય શર્મિલા ધનકરે મહિલા શોટ પુટ F-57 સ્પર્ધામાં ભારત માટે ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો છે. બે વર્ષની ઉંમરે પોલિયોનો ભોગ બનેલી અને જીવનમાં અનેક સંઘર્ષોનો સામનો કરનારી શર્મિલાએ 9.81 મીટરનો સીઝનનો સર્વશ્રેષ્ઠ થ્રો કરીને આ વિજય મેળવ્યો હતો.

આ સાથે જ કોમનવેલ્થ ગેમ્સમાં પેરા-એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય પેરા-એથ્લીટ બની છે અને પેરા-એથ્લેટિક્સમાં ભારતના 20 વર્ષ જૂના મેડલના દુકાળનો અંત આણ્યો છે.

આ જ સ્પર્ધામાં ભારતની અન્ય ખેલાડી શિલ્પા શાયલાએ 7.26 મીટરના પોતાના વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ થ્રો સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. શરૂઆતમાં નાઈજીરિયાની યુકેરિયા ઈયાઝી ત્રીજા સ્થાને હતી, પરંતુ ભારતીય ટીમ દ્વારા કરવામાં આવેલા સત્તાવાર વિરોધ અને રિવ્યૂ બાદ નાઈજીરીયન ખેલાડીનો પ્રયાસ ફાઉલ જાહેર કરવામાં આવ્યો હતો. આ નિર્ણયના પરિણામે ચોથા ક્રમે રહેલી શિલ્પા શાયલાને બ્રોન્ઝ મેડલ માટે અપગ્રેડ કરવામાં આવી હતી.

# વેઈટલિફ્ટિંગમાં વલ્લુરી અજય બાબુએ સિલ્વર મેડલ જીત્યો

**પુરુષોની** 79 કિગ્રા વર્ગમાં 330 કિગ્રા વજન ઉંચકીને રજત પદક મેળવ્યો; માત્ર 1 કિગ્રાના તફાવતથી ગોલ્ડ ચૂકી ગયો



ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના 21 વર્ષીય ઉભરતા વેઈટલિફ્ટર વલ્લુરી અજય બાબુએ પુરૂષોની 79 કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. આંધ્ર પ્રદેશના આ ખેલાડીએ કુલ 330 કિગ્રા (સ્નેચમાં 149 કિગ્રા + ક્લીન એન્ડ જર્કમાં 181 કિગ્રા) વજન ઉંચકીને આ સિદ્ધિ મેળવી હતી. ચાલુ ગેમ્સમાં વેઈટલિફ્ટિંગ ક્ષેત્રે ભારતનો આ છઠ્ઠો મેડલ છે.

ગોલ્ડ મેડલ માટે ખૂબ જ રોમાંચક સ્પર્ધા જોવા મળી હતી. સ્નેચ રાઉન્ડમાં અજય બાબુએ પોતાના અંતિમ પ્રયાસમાં 149 કિગ્રા વજન ઉંચકીને નવો ગેમ્સ રેકોર્ડ બનાવ્યો હતો અને પ્રથમ સ્થાને રહ્યો હતો. જ્યારે મલેશિયાનો એરી હિદાયત 147 કિગ્રા સાથે ત્રીજા ક્રમે હતો.

ત્યારબાદ ક્લીન એન્ડ જર્ક વિભાગમાં અજય બાબુએ 181 કિગ્રા વજન ઉંચકીને કુલ 330 કિગ્રા સાથે થોડા સમય માટે ગેમ્સ રેકોર્ડ અને ગોલ્ડ પાક્કો કર્યો હતો. પરંતુ મલેશિયાના હિદાયતે પોતાના અંતિમ પ્રયાસમાં 184 કિગ્રા વજન ઉંચકીને કુલ 331 કિગ્રાના નવા ગેમ્સ રેકોર્ડ સાથે માત્ર 1 કિગ્રાના અંતરથી ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# કુશારે હાઇ જમ્પમાં સિલ્વર મેડલ મેળવનાર પ્રથમ ભારતીય

**સર્વેશ** અને જમૈકાના બેકફોર્ડ બંનેએ 2.25 મીટરનો કૂદકો લગાવ્યો હતો પણ ઓછા ફેલ એટેમ્પ્ટના આધારે બેકફોર્ડે ગોલ્ડ મેળવ્યો



ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં રાષ્ટ્રીય રેકોર્ડ ધારક સર્વેશ કુશારેએ પુરુષોની હાઇ જમ્પ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતીને નવો ઇતિહાસ રચ્યો છે. કોમનવેલ્થ ગેમ્સના હાઇ જમ્પમાં સિલ્વર મેડલ મેળવનાર તે પ્રથમ ભારતીય એથ્લીટ બન્યો છે.

31 વર્ષીય સર્વેશ અને જમૈકાના રોમેન બેકફોર્ડ બંનેએ 2.25 મીટરનો કૂદકો સફળતાપૂર્વક લગાવ્યો હતો. જોકે, 2.28 મીટરના પ્રયાસમાં નિષ્ફળ ગયા બાદ ઓછા ફેલ એટેમ્પ્ટના આધારે બેકફોર્ડે ગોલ્ડ મેળવ્યો હતો. મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના દેવરગાંવના ડુંગળીના ખેડૂતના પુત્ર સર્વેશે બાળપણમાં મકાઈના ફોતરાં અને ખેતીના કચરાથી બનાવેલા દેશી લેન્ડિંગ પિટ પર પ્રેક્ટિસ કરી હતી. આ અગાઉ 2022ની બર્મિંગહામ ગેમ્સમાં તેજસ્વિન શંકરે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, જેને સર્વેશે પોતાના ડેબ્યૂમાં જ સિલ્વરમાં બદલી નાખ્યો છે. સ્પર્ધામાં સામેલ અન્ય ભારતીય આદર્શ રામે 2.15 મીટર સાથે પાંચમું સ્થાન મેળવ્યું હતું.

# પ્રીતિ પવારે ભારત માટે બોક્સિંગમાં પ્રથમ મેડલ પાક્કો કર્યો

**મહિલા** 54 કિગ્રા કેટેગરીના ક્વાર્ટર ફાઇનલમાં નોર્ધર્ન આયર્લેન્ડની બોક્સરને 5-0થી હરાવી સેમિફાઇનલમાં પ્રવેશ



ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં એશિયન ગેમ્સની બ્રોન્ઝ મેડલિસ્ટ પ્રીતિ પવારે બોક્સિંગ ક્ષેત્રે ભારત માટે પ્રથમ મેડલ સુનિશ્ચિત કરી લીધો છે. 22 વર્ષીય પ્રીતિએ મહિલાઓના 54 કિગ્રા વર્ગના ક્વાર્ટર ફાઈનલમાં નોર્ધર્ન આયર્લેન્ડની નિકોલ ક્લાઈડ સામે 5-0થી સર્વસંમતિથી શાનદાર વિજય મેળવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે, જેની સાથે જ ભારત માટે બોક્સિંગમાં ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ પાક્કો થઈ ગયો છે.

હરીફ બોક્સર કરતાં ઓછી હાઈટ હોવા છતાં, પ્રીતિએ શરૂઆતથી જ પોતાની ઝડપ અને ચોક્કસ પંચિંગ વડે સમગ્ર મેચ પર વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. પાંચેય જજિસે તેને તમામ રાઉન્ડમાં વિજેતા જાહેર કરી હતી. 2022ની હાંગઝોઉ એશિયાડની બ્રોન્ઝ મેડલિસ્ટ પ્રીતિનો આ કોમનવેલ્થ ગેમ્સમાં પ્રથમ મેડલ હશે.

## બોક્સર અંકુશ અને સાક્ષી ચૌધરી ક્વાર્ટર ફાઈનલમાં

ગ્લાસગો, તા. 27 (પીટીઆઈ): ગ્લાસગો ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ 2026ની બોક્સિંગ સ્પર્ધામાં ભારતના યુવા બોક્સરોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. પુરુષોના 80 કિગ્રા વર્ગમાં હરિયાણાના 20 વર્ષીય બોક્સર અંકુશે એન્ટિગુઆ અને બાર્બુડાના જાન ઝાલને 5-0ના સર્વસંમતિ નિર્ણયથી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. પોતાના ડેબ્યૂ ગેમ્સમાં જ મેડલ જીતવાથી તે હવે માત્ર 1 જીત દૂર છે. મહિલાઓના 51 કિગ્રા વર્ગમાં પૂર્વ વર્લ્ડ યુથ અને જુનિયર ચેમ્પિયન સાક્ષી ચૌધરીએ બોત્સવાનાની લેથાબો મોડુકાનેલે સામે 5-0થી એકતરફી જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. બીજી તરફ, પુરુષોના 70 કિગ્રા વર્ગમાં ભારત માટે નિરાશાજનક પરિણામ આવ્યું હતું.

# શ્રીહરિ નટરાજ 100 મીટર બેકસ્ટ્રોક સેમિફાઈનલમાં

**નટરાજે** 55.58 સેકન્ડ સાથે સેમિફાઇનલ માટે ક્વોલિફાય કર્યું

**પેરા-સ્વિમર** સ્વાતિક પાટીલે 100 મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં 5મું સ્થાન મેળવ્યું

**સાજન** પ્રકાશ અને આર્યન નેહરા પોતપોતાના વર્ગની ફાઇનલમાં 8મા ક્રમે રહ્યા



ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026ના સ્વિમિંગ કમ્પિટિશનમાં ભારતના બે વારના ઓલિમ્પિયન શ્રીહરિ નટરાજે પુરુષોની 100 મીટર બેકસ્ટ્રોક સ્પર્ધાની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. 25 વર્ષીય નટરાજે પોતાની હીટમાં 55.58 સેકન્ડનો સમય નોંધીને 5મું અને ઓવરઓલ 13મું સ્થાન મેળવ્યું હતું. પ્રાથમિક સ્ટેજમાંથી ટોપ-16 સ્વિમર્સ સેમિફાઈનલમાં પહોંચે છે, જ્યાં તેણે સ્થાન પાક્કું કર્યું છે.

બીજી તરફ, અનુભવી સ્વિમર સાજન પ્રકાશ માટે કોમનવેલ્થ ગેમ્સ નિરાશાજનક રહી હતી.

32 વર્ષીય સાજન પ્રકાશ 50 મીટર બટરફ્લાય ઈવેન્ટની હીટમાં 24.94 સેકન્ડના સમય સાથે 8મા અને ઓવરઓલ 28મા સ્થાને રહીને બહાર થઈ ગયો હતો. આ સિવાય, સોમવારે મોડી રાત્ર રમાયેલી પુરુષોની 200 મીટર બટરફ્લાય ફાઈનલમાં પણ સાજન પ્રકાશ 1:58.05 સેકન્ડના સમય સાથે 8મા અને અંતિમ ક્રમે રહ્યો હતો. ન્યુઝીલેન્ડના લુઈસ ક્લેરબર્ટે 1:55.05 સાથે આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ભારત માટે કોમનવેલ્ત ગેમ્સના ઈતિહાસમાં પ્રસંતા કરમાકર જ સ્વિમિંગમાં મેડલ જીતનાર એકમાત્ર ખેલાડી રહ્યો છે.

# કોમનવેલ્થ ગેમ્સ રાઉન્ડઅપ: વિશાલ 400 મીટરની સેમિફાઈનલમાં

**તમિલનાડુના** રનરે ભારતની મેડલ આશા જીવંત રાખી

**ઈજા** છતાં ફાઇનલમાં દોડીને તેજસ શિર્સેએ અનોખું સાહસ દર્શાવ્યું

**ભારતના** સૌથી ઝડપી રનર ગુરિન્દરવીર સિંહ 100 મીટર સ્પર્ધામાંથી બહાર

**મહિલા** વેઈટલિફ્ટિંગ નિરૂપમા દેવીએ નિરાશ કર્યા



ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026ના એથ્લેટિક્સ ક્ષેત્રે તમિલનાડુના 22 વર્ષીય રાષ્ટ્રીય રેકોર્ડ ધારક વિશાલ TKએ પુરુષોની 400 મીટર સ્પર્ધાની સેમિફાઈનલમાં પ્રવેશ કરીને ભારત માટે મેડલની આશા જીવંત રાખી છે.

વિશાલે હીટ 6માં 46.49 સેકન્ડનો સમય નોંધીને બીજું સ્થાન મેળવ્યું હતું અને સીધું ક્વોલિફિકેશન મેળવ્યું હતું. બીજી તરફ, આ જ સ્પર્ધામાં ભાગ લઈ રહેલો રાજેશ રમેશ હીટ 3 માં 47.43 સેકન્ડના સમય સાથે ત્રીજા સ્થાને રહેતાં સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યો હતો. બીજી બાજુ ભારતના ઝડપી ધાવક ગુરિન્દરવીર સિંહે 10.39 સેકન્ડનો સમય નોંધી હીટ્સમાં 28મું સ્થાન મેળવતાં તે સેમિફાઈનલમાંથી બહાર ફેંકાઈ ગયો છે. પંજાબનો આ 25 વર્ષીય ખેલાડી અપેક્ષા મુજબનું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યો હતો.

જ્યારે પુરુષોની 110 મીટર હર્ડલ્સ સ્પર્ધામાં ભારત માટે ઐતિહાસિક ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ખેલાડી 24 વર્ષીય તેજસ શિર્સે વોર્મ-અપ દરમિયાન ડાબા પગમાં નેવિક્યુલર સ્ટ્રેસ ફ્રેક્ચર થવા છતાં સ્પર્ધામાંથી હટવાના બદલે ભારે ટેપિંગ સાથે ટ્રેક પર ઉતર્યો હતો. અસહ્ય દુખાવા વચ્ચે દોડીને તેણે 15.39 સેકન્ડમાં રેસ પૂરી કરી 8મું સ્થાન મેળવ્યું હતું અને દેશ માટે લડાયક મનોબળ દર્શાવ્યું હતું.

મહિલા વેઈટલિફ્ટિંગની 63 કિગ્રા કેટેગરીમાં ડેબ્યૂ કરી રહેલી 25 વર્ષીય નિરૂપમા દેવી માટે દિવસ નિરાશાજનક રહ્યો હતો. સ્નેચ રાઉન્ડમાં 93 કિગ્રા વજન ઉંચક્યા બાદ તે ક્લીન એન્ડ જર્કના ત્રણેય પ્રયાસોમાં 123 કિગ્રા વજન ઉંચકવામાં નિષ્ફળ રહી હતી.

## મુંબઈના ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયા અને MIG ક્રિકેટ ક્લબના ફૂડ લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈ, તા.28 (પીટીઆઈ): મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ મુંબઈના CCI, વાંદ્રે સ્થિત MIG ક્રિકેટ ક્લબ અને અન્ય 3 ચર્ચિત ક્લબોના ફૂડ બિઝનેસ લાઈસન્સ સસ્પેન્ડ કર્યા છે. તપાસ દરમિયાન CCIના કિચનમાં શાકાહારી અને માંસાહારી ખોરાક માટે અલગ વ્યવસ્થાનો અભાવ, વાસી શાકભાજી અને વંદાઓ તથા માખીઓનો ઉપદ્રવ જોવા મળ્યો હતો. સાથોસાથ ડ્રેનેજ લાઈન બ્લોક હોવી અને અસ્વચ્છ કટિંગ બોર્ડ જેવી ગંભીર ક્ષતિઓ સામે આવી હતી. જ્યારે MIG ક્રિકેટ ક્લબમાં વૈધ FSSAI લાઈસન્સ વગર અનધિકૃત કેટરિંગ એજન્સી ચલાવવામાં આવી રહી હતી.

# દિગ્ગજ ખેલાડી ઝિદાન ફ્રાન્સની ફૂટબોલ ટીમના મુખ્ય કોચ બન્યા

**સ્વપ્ન** પૂરું થતાં ઝિનેદિન ભાવુક થયા

પેરિસ, તા. 28 (એપી): ફ્રેન્ચ ફૂટબોલ ફેડરેશન (FFF)ના પ્રમુખ ફિલિપ ડિયાલોએ પેરિસ ખાતે ફ્રાન્સના મહાન ફૂટબોલર ઝિનેદિન ઝિદાનને દેશની પુરુષ રાષ્ટ્રીય ટીમનો નવો મુખ્ય કોચ જાહેર કર્યો છે. 54 વર્ષીય ઝિદાનને 4 વર્ષનો કરાર સોંપવામાં આવ્યો છે. 2021માં રીઅલ મેડ્રિડ છોડ્યા બાદથી કોઈ ટીમ સાથે ન જોડાયેલા ઝિદાન માટે આ એક અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ છે, કારણ કે તે લાંબા સમયથી આ પદ માટે દાવેદાર માનવામાં આવતો હતો.

ઝિદાન પૂર્વ કોચ દિદિયર દેશચેમ્પ્સનું સ્થાન લેશે, જેમની આગેવાની હેઠળ ફ્રાન્સે 2018 માં વર્લ્ડ કપ જીત્યો હતો.

કોચ તરીકે નામની જાહેરાત થતાં જ ઝિદાન ખૂબ જ ભાવુક થઈ ગયો હતો અને તેની આંખો તથા અવાજમાં ખુશી સ્પષ્ટ દેખાતી હતી. ઝિદાને જણાવ્યું કે તે છેલ્લા 5 વર્ષથી આ તકની રાહ જોઈ રહ્યો હતો અને આ તેના કોચિંગ કરિયરનો સૌથી ખુશહાલ દિવસ છે. તેણે ઉમેર્યું કે ફ્રાન્સની ટીમનું કોચિંગ કરવું એ તેનું સપનું હતું, જેના કારણે તેણે છેલ્લા 5 વર્ષમાં વિવિધ મોટી ક્લબો તરફથી મળેલી તમામ ઓફરો ફગાવી દીધી હતી.

1998ના વર્લ્ડ કપ અને 2000ના યુરો કપ વિજેતા ફ્રેન્ચ ટીમના હીરો રહેલા ઝિદાને સ્પષ્ટ કર્યું કે તે દેશ પાસે રહેલા અસાધારણ ખેલાડીઓ સાથે નવી રીતે રમત રમાડશે.

# શ્રીલંકા સામેની ટીમ જાહેર, ઓફ સ્પિનર સારાંશનો પ્રથમ વાર સમાવેશ



**વોશિંગ્ટન** સુંદર ઈજાગ્રસ્ત હોવાથી 33 વર્ષીય સારાંશને ભારતીય ટેસ્ટ ટીમમાં તક મળી, બુમરાહ અને સુદર્શનનું રમવું ફિટનેસને આધીન, જાડેજાની વાપસી

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): મધ્યપ્રદેશના અનુભવી ઓફ સ્પિનર સારંશ જૈનને આવતા મહિને શ્રીલંકા સામે રમાનારી બે ટેસ્ટ મેચની શ્રેણી માટે પ્રથમ વખત ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઘરેલુ ક્રિકેટમાં સતત 10 વર્ષ સુધી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યા બાદ 33 વર્ષીય સારંશને આ ફળ મળ્યું છે. વોશિંગ્ટન સુંદર હેમસ્ટ્રિંગની ઈજામાંથી મુક્ત ન થયો હોવાથી પસંદગીકારોએ એક રાઈટ-આર્મ ઓફ સ્પિનર તરીકે સારંશ પર પસંદગી ઉતારી છે.

આ ટૂંકી ટેસ્ટ શ્રેણી ગાલે ખાતે 15થી 19 ઓગસ્ટ અને કોલંબો ખાતે 23થી 27 ઓગસ્ટ દરમિયાન રમાશે. ભારતીય ટીમ મુખ્ય શ્રેણી પહેલા 7 ઓગસ્ટથી 4 દિવસીય પ્રેક્ટિસ મેચ પણ રમશે. સારંશ જૈને તાજેતરમાં ઈન્ડિયા-A તરફથી શ્રીલંકા પ્રવાસ દરમિયાન 2 મેચમાં 6 વિકેટ ઝડપી હતી અને અણનમ 70 રન પણ બનાવ્યા હતા. રવીન્દ્ર જાડેજા, માનવ સુથાર અને કુલદીપ યાદવ જેવા ડાબોડી સ્પિનરોની સાથે પસંદગીકારોએ સ્પિન વિભાગમાં વિવિધતા લાવવા સારંશની પસંદગી કરી છે.

ફાસ્ટ બોલર ગુરનૂર બરારે શ્રીલંકા-A સામે 10 વિકેટ લીધા બાદ ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. જસપ્રીત બુમરાહ અને સાઈ સુદર્શનને ફિટનેસ આધારિત ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભારતીય ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), કે એલ રાહુલ (વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત (વિકેટકીપર), સાઈ સુદર્શન, ધ્રુવ જુરેલ (વિકેટ કીપર), રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બરાર, દેવદત્ત પડિક્કલ અને સારંશ જૈન.

# કોમનવેલ્થ ટેબલ ટેનિસઃ ભારતીય મહિલા ટીમે ઓસ્ટ્રેલિયાને 3-2 થી હરાવ્યું

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): નવી દિલ્હી ખાતે યોજાયેલી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની સેકન્ડ-સ્ટેજ લીગ મેચમાં ભારતીય મહિલા ટીમે ઓસ્ટ્રેલિયા સામે 3-2થી રોમાંચક વિજય મેળવ્યો છે. આ અગાઉ ભારતીય મહિલા ટીમે શ્રીલંકાને 3-0 થી હરાવીને મેડલ પાક્કો કરી લીધો હતો. ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં શરૂઆતમાં યશસ્વિની ઘોરપડેનો પરાજય થતાં ભારત પાછળ ફેંકાયું હતું, પરંતુ શ્રીજા અકુલાએ જીત મેળવીને સ્કોર 1-1થી સરભર કર્યો હતો. ત્યારબાદ ત્રીજી મેચમાં સુતીર્થા મુખર્જીએ 1-2થી પાછળ રહ્યા બાદ વાપસી કરીને 3-2થી મેચ જીતી ભારતને 2-1ની લીડ અપાવી હતી.

ચોથી મેચમાં ઓસ્ટ્રેલિયાએ વિજય મેળવી સ્કોર 2-2થી બરાબર કર્યો હતો, પરંતુ નિર્ણાયક મેચમાં યશસ્વિની ઘોરપડેએ મિન યંગ જી સામે સીધા સેટોમાં જીત મેળવી હતી.

# ISSF વર્લ્ડકપઃ સોનમ અને હિમાંશુએ મિક્સ ટીમ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો

હેંગઝોઉ, તા. 28 (પીટીઆઈ): હાંગઝોઉ ખાતે રમાઈ રહેલા ISSF વર્લ્ડકપમાં ભારતીય રાઈફલ શૂટર સોનમ ઉત્તમ મસ્કર અને હિમાંશુ ઢિલોને 10 એર રાઈફલ મિશ્ર ટીમ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. આ જીત સાથે જ વર્લ્ડકપમાં ભારતનો કુલ મેડલ આંક 4 (1 ગોલ્ડ, 1 સિલ્વર અને 2 બ્રોન્ઝ) પર પહોંચી ગયો છે. ક્વોલિફિકેશન રાઉન્ડમાં સોનમ અને હિમાંશુએ 634.6નો સંયુક્ત સ્કોર નોંધાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઈનલમાં આ ભારતીય જોડીએ 441.2 પોઈન્ટ્સ મેળવીને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ભારતની જ અન્ય જોડી ઈલાવેનિલ વાલરિવાન અને પાર્થ રાકેશ માણે 378.8 પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહી હતી. 20 વર્ષીય હિમાંશુ માટે સીનિયર સ્તરે આ પ્રથમ વર્લ્ડકપ મેડલ છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૭ | | | ૯ | ૮ | | ૨ |
| ૮ | ૯ | ૧ | | ૬ | | | | ૭ |
| | | | | ૮ | ૭ | | | |
| ૭ | ૬ | ૮ | | ૯ | | ૩ | ૪ | ૧ |
| | ૫ | | ૬ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ |
| ૯ | | ૨ | ૩ | | | ૫ | ૭ | |
| | ૮ | | | ૫ | ૪ | ૬ | ૧ | |
| | ૩ | ૫ | | | ૬ | | ૮ | |
| | | | ૮ | ૧ | | | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### સ્મરણ શક્તિ

કુદરતની આ અદ્દભુત ભેટ હજી પૂરી સમજાઈ નથી. Brain can not solve its own mystery!

નીરબ્રાહ્મી 25g, મંડૂકપર્ણી બ્રાહ્મી 25g, શંખપુષ્પ 25 g, જેઠીમધ 10g, વચા 10g લઈ ચૂર્ણ બનાવી રાખો. રોજ સવારે પાંચ ગ્રામ ચૂર્ણ પાણી સાથે લો. વાંચો, વાતો કરો. નોંધ કરવાની, કટિંગ કાઢવાની ટેવ પાડો. સ્ક્રીન ટાઇમ ઓછો કરો.

## આજનું પંચાંગ

**તા. 29/07/2026, બુધવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : અષાઢ
**તિથિઃ** સુદ: પૂનમ: 20:06, વ્રતની પૂનમ
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : શ્રાવણ: 07 **યોગ** : પ્રીતિ **કરણઃ** વિષ્ટિ **નક્ષત્ર** : ઉ.ષા.: 15:38
રાશિઃ મકર (ખ.જ.) **દિવસ** : શુભ-અષાઢી પૂર્ણિમા, ગુરુ પૂર્ણિમા, વ્યાસ પૂજા, સૌરાષ્ટ્રમાં મોળાકાતનું જાગરણ, સંન્યાસીના ચાતુર્માસ્યારંભ વાલમિકી નગર યાત્રા-કોકિલા વ્રતારંભ
**સુરતમાં સૂર્યોદય** : 06:12 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:17
**નવકારસી** : 07:00
**પારસી વર્ષ** : 1395 સ્પેન્દારમદ માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 સફર માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુકાળઃ** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મોજ-શોખના ધંધામાં લાભ થાય. સંપતિના સોદા થઇ શકે છે. ઓફિસ વગેરેની જગ્યાનું આયોજન થાય.
**વૃષભ (બ,વ,ઉ,):** ટેકનીકલ જ્ઞાનથી લાભ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. કાયદા બાબતે મદદ મળે. આવક વધશે.
**મિથુન (ક,છ,ઘ,):** જીવનસાથીનો સાથ મળે. વડીલો સાથે ઘર્ષણ થાય. અટકેલાં કામમાં પ્રગતિ થાય. આરોગ્ય નરમ રહે.
**કર્ક (ડ,હ,):** નવા વેપાર-ધંધાની યોજનામાં પરિવારનો સાથ મળે. સામાજિક કાર્યમાં યશ મળે. રોજની આવક વધે.
**સિંહ (મ,ટ,):** સરકારી કામમાં અનુકૂળતા રહે. નોકરીમાં નવી તક ઊભી થાય. હરીપોની પીછેહઠ થાય મન અશાંત રહે.
**કન્યા (પ,ઠ,ણ,):** વિદ્યાર્થીઓને પરીક્ષા સફળ રહે નવા રોકાણથી લાભ થાય. ઉચ્ચકક્ષાના મિત્રોની મદદથી નવી તકે મળે.
**તુલા (ર,ત,):** નવા ઘર બાબતે પ્રગતિ થાય. સામાજિક કાર્ય પાર પડે. નોકરીમાં અનુકૂળતા રહે. બહારના કામમાં મદદ મળે.
**વૃશ્ચિક (ન,ય,):** આત્મવિશ્વાસ વધે તેવાં સમાચાર મળે. દલાલી, ટ્યુશન, ટેકનોલોજી અને મોર્ડન સાધનોને લઇને સફળતા મળે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખાણી-પીણી, મોજશોખ, માર્કેટીંગ શિક્ષણને લગતાં કામમાં સફળતા મળે. અચાનક શુભ સમાચાર મળે.
**મકર (ખ,જ,):** નવાં ક્રિએટીવ વિચારોથી નવી દિશા મળે. જાહેરજીવનમાં સાવધાની રાખવી દાંપત્યમાં તાલ મેળ વધે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** યાત્રા-પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહીં. પારિવારિક સમસ્યા સતાવે.વિદેશનાં કામમાં પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** સ્ત્રીમિત્રો, પુત્રી સંતાન, જીવન સાથી અને માતાથી લાભ થાય કે શુભ સમાચાર મળે. આવક વધે.

## કોઈ પણ સાલમાં 28 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવા ફેરફાર નવી ટેકનોલોજી અને નવા લોકો સાથે કામ કરવા અને નવા વાતાવરણમાં નવું શિખવા મળે. ટેકનોલોજીનો લાભ મળે. પ્રમોશન કે પગાર વધારો થાય.ધંધા-વેપારમાં આવક વધે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. આરોગ્ય સામાન્ય રહે. આર્થિક પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સમાજમાં માન મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે અને પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદથી સફળતા મળે. વારસા જાયદાદ, જમીન જેવાં કામ પાર પડે. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોનાં સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. વર્ષ દરમિયાન હરીફોથી સાવધાન રહેવું જૂન-જુલાઈ સોમ-ગુરુવાર, 2,11, 20, 29 તારીખે નવા કામ કરવા સફેદ ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 5, 8 તારીખે નવા કામ ટાળવાં. કાળો, લીલો, નીલો રંગ વાપરવાનું બંધ કરવું ચંદ્રના ઉપાય કરતા રહેવું.


## ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી લિમિટેડ

ગુજરાત સરકારની માલિકીની કંપની
CIN: U75143GJ2015SGC083828
ડીસીએલ ઓફિસ બિલ્ડીંગ, બ્લોક નં.૧૭૭, રે.સ.નં.૧૧૧/એ૧, મોજે-ખજોદ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
ટેન્ડર નોટીસ (ઓનલાઈન) નં.જીએમ(પી.&ડી.)/ડીસીએલ/૦૩/૨૦૨૬-૨૭

ડ્રીમ સિટી લિમિટેડ ધ્વારા નીચે દર્શાવેલ કામ માટે માન્ય કોન્ટ્રાકટરો/ એજન્સીઓ પાસેથી https://smctender.nprocure.com પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | કામની સંખ્યા | અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ડ્રીમ સિટી વિસ્તારમાં આવેલ વિવિધ બિલ્ડીંગ્સનું રીપેરીંગ તેમજ મેઈન્ટેનન્સનું કામ. | ૦૧ | ૨૪.૬૫ |

વિગતવાર ટેન્ડર નોટીસ https://www.dreamcitysurat.in પર ઉપલબ્ધ છે.
નં.ડ્રીમસિટી/એડ./૦૩ /૨૦૨૬-૨૭ જનરલ મેનેજર (પી. એન્ડ ડી.)
તા. ૨૮/૦૭/૨૦૨૬ ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી લિમિટેડ

## પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

વિવિધ એન્જીનિયરીંગ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-બીઆરસી ૦૬૩ થી ૦૬૫ વર્ષ ૨૦૨૬-૨૭
ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA/c.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.

| અનું. નં. | ટેન્ડર નં. અને કામનું નામ | કામની અંદાજીત પડતર (₹ માં) | જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં) |
|---|---|---|---|
| ૦૧ | DRM BRC 063 of 2026-27. આસિ. ડિવિઝનલ એન્જિનિયર, નડિયાદના અધિકારક્ષેત્ર હેઠળ હાલના હેન્ડ પમ્પ પર એક વર્ષ માટે હેન્ડ પમ્પનું AMC. | ૭,૬૨,૫૪૧.૭૬ | ૧૫,૩૦૦.૦૦ |
| ૦૨ | DRM BRC 064 of 2026-27. SSE(P.Way)BRCY ના અધિકારક્ષેત્ર હેઠળ બે વર્ષ માટે ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ કરવાનું કામ. | ૩,૨૯,૬૭,૯૮૫.૨૫ | ૬,૫૯,૪૦૦.૦૦ |
| ૦૩ | DRM BRC 065 of 2026-27. SSE(વર્ક્સ)BRCP ના અધિકારક્ષેત્ર હેઠળ PVC ટાંકીઓ, અગાશી/માળીયા પાણી સંગ્રહણ ટાંકીઓ, અન્ડરગ્રાઉન્ડ સમ્પ અને RCC ઓવરહેડ ટાંકીનું ૨૪ મહિના માટે (દરેક ટાંકીનું દર ૦૪ મહિને એટલે કે પ્રતિ ટાંકી વર્ષમાં ૦૩ વખત) સફાઈ કરવાનું અને જીવાણુંનાશન કરવાનું કામ. | ૫,૦૫,૬૦૨.૩૦ | ૧૦,૧૦૦.૦૦ |

**ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.૧૩-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૪. BRC-173

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly